પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૫૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૧-૧૦-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## કોંગ્રેસના મગજમાં ચૂંટણી ચૂંટણી જ હોય છે. પરંતુ અમે આદિવાસીના વિકાસ માટે કામ કરીએ છીએ : વડાપ્રધાન

તાપી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. ગુજરાત પ્રવાસના બીજા દિવસે પીએમ મોદી કેવડિયા ખાતે મિશન લાઈફની શરૂઆત કરાવી હતી, ત્યારબાદ. બપોરે વડાપ્રધાન કેવડિયા ખાતે મિશનના વડાઓની ૧૦મી કોન્ફરન્સમાં હાજરી આપી હતી. તાપી જિલ્લાના વ્યારા ખાતે વિવિધ વિકાસ પહેલનો શિલાન્યાસ કર્યો. પીએમે લોકાર્થે રૂ. ૨૨૦૦ કરોડથી વધુના વિકાસ કાર્યો ખુલ્લા મૂક્યા હતા. પીએમ મોદી સોનગઢ તાલુકાના ગુણસદા ગામે સભાને સંબોધન કર્યું.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના મગજમાં ચૂંટણી ચૂંટણી જ હોય છે. પરંતુ અમે આદિવાસીના વિકાસ માટે કામ કરીએ છીએ. એમને તો આદિવાસીઓની ઠેકડીઓ ઉડાવે છે. મેં આદિવાસીની પાઘડી પહેરી ત્યારે તેઓ ઠેકડી ઉડાવે છે. સમય આવે ત્યારે હું હિસાબ ચૂકતે કરી લઉં છું. જ્યાં જ્યાં ભાજપની સરકાર છે ત્યાં આદિવાસી કલ્યાણ કરીએ છીએ. ભવિષ્ય માટે પણ વિકાસનો વિચાર કર્યો. કોંગ્રેસે ક્યારેય વિચાર કર્યો નથી. કોંગ્રેસના લોકો જુઠ્ઠાણા ફેલાવી રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યું, આદિવાસીઓ માટે ઘરમાં વીજળી હોઈ, પાકું ઘર હોય, સારી સ્કૂલ મળે, રસ્તા મળે તે માટે અભિયાન ચલાવ્યું. અમે એક એક મિશન પાર પાડ્યું. શહેરના લોકો કહેતા સાંજે વાળું કરતા હોય ત્યારે વીજળી આપો. સૌથી પહેલા જ્યોતિગ્રામ યોજના ડાંગ જિલ્લાને મળી. ૨૪ કલાક વીજળી મળી. બીજા હોત તો વડોદરા આવે ફોટો પડાવવા.. ડાંગમાં કોણ ફોટો પડાવે. આદિવાસી વિસ્તારમાં ખેતીને નવું જીવન મળે તેવા પ્રયાસ કર્યા. વાળી યોજના આપણે લાવ્યા છીએ.

પીએમ મોદીએ કહ્યું, આદિવાસીઓ આજે કાજુની ખેતી કરતા થઈ ગયા. ગોવાની સામે ટકી રહે તેવા કાજુની ખેતી કરે છે ડાંગ. ઉનાળામાં પાણીની તંગી પડે. કોંગ્રેસના મુખ્યમંત્રીના ગામોમાં પાણીની ટાંકી બનાવી, પરંતુ પાણી મેં ભર્યું મુખ્યમંત્રી બનીને... આજે ગુજરાતના દરેક ઘરમાં પાઈપથી પાણી આવે છે. મોટા ભાગનું કામ પૂરું થઈ ગયું છે.

પીએમ મોદીએ અહીં મંગુભાઈને યાદ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આજે મંગુભાઈ મધ્યપ્રદેશના રાજયપાલ બન્યા છે.



મંગુભાઈના નેતૃત્વમાં કામો શરૂ થયા હતા. બહેન દીકરી સ્કૂલે જતી થઈ. ડોકટર, એન્જીનીયર બનતી થઈ. કોંગ્રેસે આ કામ ક્યારેય વિચાર્યું નથી. અમે એકલવ્ય મોડલ સ્કૂલ બનાવી. ખેલ મહાકુંભમાં આદિવાસીઓ જ ઈનામ લઈ જાય. અમે એક લવ્ય સ્કૂલની સંખ્યા વધારી દીધી છે. આદિવાસીઓને પાકું ઘર, જમીનના પટ્ટા મળે તેવું કામ કર્યું છે.


પીએમ મોદીએ કહ્યું કે, અમે સિકલસેલ રોગમાંથી મુક્તિ મળે તેવું કામ કર્યું છે. કોરોનાની મહામારીમાં પણ ગામડા, જંગલમાં રહેનારાઓની ચિંતા કરી. ૮૦ કરોડ લોકોને અઢી વર્ષ સુધી અનાજ મળે તેની ચિંતા કરી. ૩ લાખ કરોડ ખર્ચ કરવામાં આવ્યા. અમે ગેસના બાટલા આપ્યા. ભુપેન્દ્ર ભાઈને અભિનંદન આપું છું કે બે બાટલા ફ્રી આપવાનું નક્કી કર્યું.

પીએમ મોદીએ કહ્યું, આયુષમાન ભારતમાં ૫ લાખનો વીમો ફ્રી. સોનાની લગડી જેવું આયુષ્યમાન કાર્ડ છે. મોદી સાહેબનો ફોટો જોવે એટલે દરવાજા ખુલ્લા. ૧૫મી નવેમ્બર આદિવાસી ગૌરવ દિવસની ઉજવણી કરવાનું નક્કી કર્યું. અટલજી પહેલા આદિવાસી માટે કોઈ મંત્રાલય નહોતું.

પીએમ મોદીએ જણાવ્યું કે, કોંગ્રેસ આ કામ નહીં કરી શક્યું. અમે આદિવાસીઓ માટે વાસ કાપી શકે અને વેચી શકે એવો કાયદો હું લાવ્યો. બજેટ ત્રણ ગણો વધાર્યો. પીએમ મોદીએ કહ્યું, આજે આદિવાસી દીકરી રાષ્ટ્રપતિ બની હોઈ. એવું પરિવર્તન અમે લાવ્યા છીએ. આઝાદીની લડાઈ લડ્યા.

ઉલ્લેખનીય છે કે, પીએમ મોદીએ તાપી જિલ્લાના વ્યારાની મુલાકાત લીધી હતી અને રૂ. ૧૯૭૦ કરોડથી વધુના વિકાસ કાર્યોનું ખાતમૂહુર્ત કર્યુ હતું. સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીના રસ્તાના સુધારાની સાથે સાથે સંપર્ક વિહોણા રસ્તાના નિર્માણ માટે પણ તેમણે શિલાન્યાસ કર્યુ હતું. આ સાથે તાપી અને નર્મદા જિલ્લામાં રૂ. ૩૦૦ કરોડથી વધુના પાણી પુરવઠા પ્રોજેકટનો પણ વડાપ્રધાને શિલાન્યાસ કર્યો હતો.

પીએમ મોદીએ કહ્યું, રોજી રોટીનું કેન્દ્ર બન્યું દેવ મોગરા. હું દેવ મોગરા ગયો હતો. સ્ટેચ્યૂ ઓફ યુનિટી આદિવાસીઓ માટે એક વિકાસની મિશાલ બની ગયું છે.



## ગુજરાતની બે ધરા ફરી ધ્રૂજી : ભચાઉમાં ૩.૬ તો વાંસદામાં ૩.૩ની તીવ્રતાના આંચકા, લોકો ગભરાઈને ઘરની બહાર દોડ્યા

નવસારી,

આજે ગુજરાતની બે ધરા ફરીવાર ધ્રૂજી છે. કચ્છ અને નવસારી જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાતાં લોકોમાં ગભરાટ ફેલાયો છે. ભચાઉના ધોળાવીરા ગામથી ૨૬ કિલોમીટર દૂર ૩.૬ની તીવ્રતાનો આંચકો ગત રાત્રિના ૧૦.૧૦ મિનિટે અનુભવાયો હતો. તો નવસારીના વાંસદામાં ભૂકંપના આંચકાની તીવ્રતા ૩.૩ નોંધાઈ છે. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ વાંસદાથી ૩૭ કિલોમીટર દૂર વલસાડ નજીક નોંધાયું છે. આ પંથકમાં છેલ્લા બે મહિનામાં વારંવાર ભૂકંપના આંચકા આવતાં લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

નવસારી જિલ્લામાં છેલ્લા ૬ મહિનામાં ઘણી વખત ભૂકંપના હળવા આંચકા આવ્યા છે. ત્યારે આજે ૧૦.૨૭ મિનિટે ૩.૩ તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. વાતાવરણમાં થતા ફેરફાર સહિત જમીનની નીચે આવેલી પ્લેટમાં થતા ફેરફારને કારણે અથવા કેલિયા અને જૂજ ડેમમાં આ વખતે પાણીની આવક વધી છે, એને કારણે સંભવિત રીતે ભૂકંપના આંચકા હોવાનું અનુમાન ડિઝાસ્ટર દ્વારા સેવવામાં આવી રહ્યું છે.

ગત રાત્રિના ૧૦.૧૦ મિનિટે ભચાઉ તાલુકાના દુર્ગમ ખડીર બેટ પરના વૈશ્વિક ધરોહર ધરાવતા ધોળાવીરા ગામથી ૨૬ કિલોમીટર દૂર ૩.૬ની તીવ્રતા ધરાવતો આંચકો આવતાં સ્થાનિક લોકોમાં પણ તેના અનુભવની અરસપરસ પૂછપરછ થઈ હતી.

ઉલ્લેખનીય છે કે કચ્છમાં વાગડ વિસ્તારમાં આફટરશોકનો સિલસિલો સતત ચાલુ રહ્યો છે. આજ માસની તા. ૨ના ભચાઉથી ૧૩ કિલોમીટર દૂર ૩.૪નો આફટરશોક નોંધાયો હતો, જ્યારે તા. ૧૮ સેપ્ટેમ્બરના રાપરથી ૭ કિલોમીટર દૂર ૩.૨ની તીવ્રતાનો આંચકો રિકટર સ્કેલ પર અંકિત થયો હતો. જોકે આ આંચકાઓ નુકસાનજનક નથી.

વાંસદા તાલુકામાં અવારનવાર ભૂકંપના હળવા આંચકા અનુભવાતા હોય છે. દોઢ વર્ષ અગાઉ ગાંધીનગરથી સિસ્મોલોજિકલ સર્વેની ટીમ વાંસદાની મુલાકાતે આવી હતી અને ભૂકંપને લઈને રિચર્ચ કર્યું હતું, જોકે કોઈ ચોક્કસ કારણ જાણવા મળી શક્યું ન હતું.

## જમ્મુમાં ભારે હિમવર્ષા, મુગલ રોડ બંધ, ફસાયેલા ૧૦૦ લોકોને બહાર કઢાયા

શ્રીનગર,

દક્ષિણ કાશ્મીરના શોપિયાં સાથે પુંછ અને રાજૌરીના સરહદી જિલ્લાઓને જોડતો મુઘલ માર્ગ ગુરુવારે જમ્મુના ઊંચા વિસ્તારોમાં ભારે હિમવર્ષાને કારણે બંધ થઈ ગયો છે. અધિકારીઓએ જણાવ્યું કે બુધવાર રાતથી ડોડા, કિશ્તવાડ, રાજૌરી, રિયાસી, પૂંચ, રામબન અને કઠુઆ જિલ્લાના ઘણા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે.

નાયબ પોલીસ અધિક્ષક (રાજૌરી-પુંચ રેન્જ) આફતાબ બુખારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે, "ભારે હિમવર્ષાને કારણે મુગલ રોડ પરનો ટ્રાફિક સસ્પેન્ડ કરવામાં આવ્યો છે." આ પહેલા ૧૮ ઓક્ટોબરે પણ હિમવર્ષાને કારણે એક દિવસ માટે રસ્તો બંધ કરવામાં આવ્યો હતો અને બુધવારે ટ્રાફિક બંધ થતાં ત્યાં ફસાયેલા લગભગ ૧૦૦ મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા.

હવામાન કેન્દ્ર શ્રીનગરે ૧૯-૨૦ ઓક્ટોબરે જમ્મુ અને કાશ્મીરના ભાગોમાં વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. ખીણના અનેક જિલ્લાઓમાં મંગળવારે બપોરે ભારે વરસાદ થયો હતો. અહીં દિવસનું તાપમાન ૨૩.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. કાશ્મીરના પહાડી વિસ્તારોમાં હળવી હિમવર્ષા થઈ હતી. દિવસનું તાપમાન પહેલગામમાં ૧૮.૮ ડિગ્રી સેલ્સિયસ અને ગુલમર્ગમાં



૧૨.૦ ડિગ્રી સેલ્સિયસ હતું.

શિયાળામાં હિમવર્ષા દરમિયાન થતી સમસ્યાઓને જોતા વહીવટીતંત્રએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. સંબંધિત વિભાગોના અધિકારીઓને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. હિમવર્ષા પહેલા લોકોને રાશન અને અન્ય સુવિધાઓ આપવાનો નિર્દેશ છે. નવેમ્બર અથવા ડિસેમ્બરમાં શિયાળો આગળ વધતો જાય છે તેમ, ઊંચા પર્વતીય વિસ્તારોમાં પણ ભારે હિમવર્ષા થાય છે. આ દરમિયાન રસ્તાઓ બંધ થવા, રાશનનો અભાવ અને અન્ય સમસ્યાઓ આવે છે. તેને ધ્યાનમાં રાખીને અગાઉથી તૈયારીઓ કરી લેવામાં આવી છે.

## ગુજરાત ચૂંટણી : આપે વધુ ૨૦ મૂરતિયાઓના નામ જાહેર કર્યા, ભૂપેન્દ્ર પટેલની બેઠક પર વિજય પટેલને ટિકિટ

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ હવે ચૂંટણી ગરમાવો જામી રહ્યો છે. વાત-વિવાદોનો માર વધી રહ્યો છે. ગુજરાત કોંગ્રેસ અને ભાજપ દ્વારા દિલ્હી મોવડીમંડળને ઉમેદવારીઓની પ્રથમ સંભવિત યાદી મોકલવામાં આવી હોવાના અહેવાલ વચ્ચે આમ આદમી પાર્ટી ઉમેદવારોની છઠ્ઠી યાદી જાહેર કરી છે.

ગુજરાત ઈલેક્શનને લઈને ઉમેદવારો જાહેર કરતી આ છઠ્ઠી યાદીમાં વધુ ૨૦ નામ બહાર આવ્યા છે. ગોપાલ ઈટાલિયાએ છઠ્ઠી યાદી જાહેર કરતા કુલ ૭૩ ઉમેદવારોના નામની ઘોષણા થઈ ચૂકી છે.

સૌથી મોટા નામ પર નજર કરીએ તો મહેસાણા બેઠક એટલેકે વર્તમાન ઘારાસભ્ય નીતિન પટેલની બેઠક પરથી આમ આદમી પાર્ટીએ ભગત પટેલ પર વિશ્વાસ બતાવ્યો છે. આ સિવાય કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીની સામે વડગામથી દલપય ભાટિયાનું નામ જાહેર કર્યું છે.

રસપ્રદ એ છે કે ગુજરાતન વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની બેઠક પર પણ આપે વિજય પટેલને ટિકિટ આપી છે. જૂનાગઢ બેઠક પર ચેતન ગજેરા અને વિસાવદર બેઠક પર ભૂપત ભાયાણીનું નામ જાહેર કર્યું છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની ભરતીમાં થતાં અન્યાય મામલે

# લુણાવાડાના ચિરાગ પંચાલ દ્વારા મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી તથા નિયામકને ગાંધીનગર ઉચ્ચસ્તરીય રજુઆત

મહિસાગર,

ગુજરાત રાજ્યમાં ધોરણ ૧ થી ૮માં જિલ્લા પંચાયત હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની ભરતી કરવામાં આવે છે. હાલ ૨૬૦૦ વિદ્યાસહાયકની ભરતી જાહેર કરવામાં આવી છે. જેમાં અમુક જ જિલ્લાઓમાં વિદ્યાસહાયકની ભરતી શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવી છે. વિદ્યાસહાયકો માટે તમામ જિલ્લાઓમાં જાહેરાત આપવામાં આવતી નથી. જ્યારે તલાટી કે કોઈ પણ સંવર્ગની જાહેરાત આપવામા આવે છે. તો તેમાં ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓની જાહેરાત આપવામાં આવે છે. જેના લીધે ઊંચી ટકાવારી ધરાવતા ટેટ પાસ નવીન વિદ્યાસહાયકોને પોતાના વતનથી ઘણા દુરના જિલ્લામાં જવું પડે છે. ઊંચી ટકાવારી ધરાવતા નવીન વિદ્યાસહાયકો તમામ જિલ્લાઓમાં મળે તો શિક્ષણજગતને પણ ફાયદાકારક છે. ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં વિદ્યાસહાયકની ભરતી માટે કુલ ખાલી જગ્યાના સંદર્ભમા અમુક નિશ્ચિત ટકાવારી નક્કી કરવામાં આવે અને તમામ જિલ્લાઓમાં એ ટકાવારીના પ્રમાણસર વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવે તે માટે મહિસાગરના લુણાવાડાના ચિરાગકુમાર કનૈયાલાલ પંચાલ દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને તથા શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીને તથા રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી કિર્તીસિંહ વાઘેલા અને કુબેરભાઈ ડિંડોરને તથા પ્રાથમિક શિક્ષણ નિયામકને ઉચ્ચસ્તરીય રજૂઆત કરવામાં આવી છે. જે જિલ્લામાં જેટલી ખાલી જગ્યા હોય ત્યાં નિશ્ચિત ટકાવારી મુજબ ફરજિયાતપણે વિદ્યાસહાયકની ભરતીની જાહેરાત આપવામાં આવે તથા અને ભરતી કરવામાં આવે તેવો ઠરાવ અને પરિપત્ર ઝડપથી કરવામાં આવે તો આવનારી વિદ્યા સહાયકની ભરતીમાં અનેક નવીન વિદ્યાસહાયકોને લાભ અને ન્યાય મળે એમ છે. વિદ્યાસહાયકની ભરતી માટે ટેટ પાસ ઉમેદવારો લાંબા સમયથી કાગડોળે રાહ જોતા હોય છે. ત્યારે ઊંચી ટકાવારી હોવા છતાં અને તમામ જિલ્લાઓમાં ધોરણ ૧ થી ૮ માં શિક્ષકોની ખાલી જગ્યાઓ હોવા છતાં પણ શિક્ષણ વિભાગ દ્વારા અમુક જ જિલ્લામાં ભરતીની જાહેરાત આપવામાં આવે છે અને બીજા જિલ્લાઓમાં વિદ્યાસહાયકની ભરતીની જાહેરાત આપવામાં આવતી નથી. જેના લીધે નવીન ટેટ પાસ ઊંચી ટકાવારી ધરાવતા વિદ્યાસહાયકોને ભારોભાર સહન કરવાનો વારો આવે છે અને પોતાના વતનના જિલ્લામાં ખાલી જગ્યા હોવા છતાં પણ વિદ્યાસહાયકની ભરતીમાં જગ્યાઓ બતાવવામાં આવતી નથી. જેના લીધે ટેટ પાસ ઊંચી ટકાવારી ધરાવતા નવીન વિદ્યાસહાયકોને વતનથી દુર અન્ય જિલ્લામાં જવાનો વારો આવે છે. સરકાર અને શિક્ષણ વિભાગ આ મામલે ઝડપથી યોગ્ય નિર્ણય લે તેવી માંગ ઉઠવા પામી છે અને આ મામલે યોગ્ય નિર્ણય લેવામાં આવે તો નવીન વિદ્યાસહાયકોને ન્યાય મળે તેમ છે.

## ગોધરા ખાતે આજે "વિશ્વાસથી વિકાસ યાત્રા ફેઝ-૦૨" કાર્યક્રમનું કરાશે આયોજન




ગોધરા,

સમગ્ર રાજ્યમાં વિશ્વાસથી વિકાસ યાત્રા કાર્યક્રમ અંતર્ગત વિવિધ વિભાગોના વિકાસના કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવી રહ્યું છે. ત્યારે પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત પંચામૃત ડેરીની બાજુમાં રામજી મંદિર સભાસ્થળ ખાતેથી વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ અને વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિમાં તારીખ ૨૧ ઓક્ટોબરના રોજ પંચમહાલ જિલ્લાના વિવિધ વિભાગોના રૂ. ૩૧.૫૫ કરોડના કુલ ૪૬૮ વિકાસ કાર્યોના જિલ્લા કક્ષાના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે.

"વિશ્વાસથી વિકાસ યાત્રા ફેઝ –૦૨" કાર્યક્રમ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં પંચાયત વિભાગના કુલ ૬૩ કામોના રૂ. ૧.૨૧ કરોડ, ગ્રામીણ વિકાસ અંતર્ગત કુલ ૧૭ કામોના રૂ. ૪૧ લાખ ૫૦ હજાર, મનરેગા અંતર્ગત કુલ ૧૦ કામોના રૂ. ૪.૯૦ કરોડ, આદિજાતિ વિકાસના કુલ ૧૫ કામોના રૂ. ૩૬ લાખ ૫૦ હજાર, પંચાયત હસ્તક રોડ અને બિલ્ડિંગ વિભાગના કુલ ૦૮ કામોના રૂ. ૬ કરોડ ૮૭ લાખ, રાજ્ય હસ્તક રોડ અને બિલ્ડિંગ વિભાગના કુલ ૦૧ કામના રૂ. ૫ કરોડ ૭૬ લાખ, વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળની જોગવાઈઓ અંતર્ગત કુલ ૩૪૯ કામોના રૂ. ૮ કરોડ ૩૧ હજાર, અન્ન નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન અંતર્ગત કુલ ૦૧ કામનું રૂ. ૨ કરોડ ૯૮ લાખ, આરોગ્ય વિભાગ હેઠળ કુલ ૦૪ પી.એચ.સીના રૂ. ૦૧ કરોડના કુલ મળીને ૪૬૮ વિકાસના કાર્યોનું રૂ.૩૧.૫૫ કરોડના ખાતમુર્હુત અને લોકાર્પણ કરવામાં આવશે. જેમાં રૂ. ૨૧.૨૨ કરોડના કુલ ૪૦૨ કાર્યોનું ખાતમુર્હુત અને રૂ. ૧૦.૩૩ કરોડના કુલ ૬૬ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે.

આ કાર્યક્રમ અન્વયે જિલ્લા સેવા સદન ગોધરા, કલેકટર કચેરી સભાખંડ ખાતે કલેકટર સુજલ મયાત્રાની અધ્યક્ષતામાં પૂર્વ તૈયારીઓના ભાગરૂપે જિલ્લાના સબંધીત અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેકટર દ્વારા "વિશ્વાસથી વિકાસ યાત્રા ફેઝ – ૦૨"ના સુચારૂ આયોજન અંગેની ઉપસ્થિત અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરીને સલાહ સૂચનો કર્યા હતાં. તેમજ કાર્યક્રમના સફળ અમલીકરણ માટે જરૂરી તમામ આનુષંગિક વ્યવસ્થાઓ ગોઠવવા ઉપર ભાર મુક્યો હતો. આ બેઠકમાં અધિક જિલ્લા કલેકટર એમ.ડી. ચુડાસમા, જિલ્લા વિકાસ અધિકારી ડી.કે. બારિયા સહિત જિલ્લા અને તાલુકાના પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના આસપુરમાં મોટરસાયકલ ચાલકને અકસ્માત નડતા સારવાર મળે તે પહેલાજ મોત


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર પાસે આવેલ આસપુર ગામે આજરોજ મોટરસાયકલ ચાલકે તેના કબજાની ગાડી ઉપરથી કાબુ ગુમાવતા રસ્તાની સાઈડમાં આવેલ લોખંડના પશુ સ્ટેન્ડ સાથે જોશભેર અથડાતા મોટરસાયકલ ચાલકને ગંભીર ઈજાઓ પહોંચવા પામી હતી. ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક સુખસર સરકારી દવાખાનામાં સારવાર માટે લાવવામાં આવ્યો હતો.પરંતુ ગંભીર ઈજાઓના કારણે સારવાર મળે તે પહેલાજ ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કરેલ હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના આસપુર ગામે રહેતા રાજેશભાઈ મનાભાઈ કટારા ઉંમર વર્ષ આશરે ૩૫ નાઓ ખેતીવાડી તથા છૂટક મજૂરી ધંધો કરી પોતાના ઘરનું ચલાવતા હતા. તેમજ તેઓને સંતાન મા એક પુત્ર તથા એક પુત્રી છે.જેઓ આજરોજ બપોરના એકાદ વાગ્યાના અરસામાં સુખસર થી આસપુર તરફ જતા માર્ગ ઉપર પોતાના કબજાની મોટર સાયકલ ઉપર જઈ રહ્યા હતા. તેવા સમયે આસપુરના વડલા ફળિયા ઘૂણી પાસે જતા મોટર સાયકલ ઉપરથી કાબુ ગુમાવતા રસ્તાની સાઈડમાં આવેલ લોખંડના પશુ સ્ટેન્ડ સાથે ધડાકાભેર અથડાતા રાજેશભાઈ કટારાને છાતી તથા પેટના ભાગે આંતરિક ગંભીર ઈજાઓ પહોંચવા પામી હતી.

અકસ્માત સ્થળે ગામ લોકો ઉમટી પડ્યા હતા અને તાત્કાલિક સુખસર ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા એમ્બ્યુલન્સના પાયલોટ રાજપાલસિંહ ચૌહાણ તથા ઈએમટી લીલાબેન વાગડીયાનાઓ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી ગયા હતા અને ગંભીર ઈજાગ્રસ્ત રાજેશભાઈ કટારાને સુખસર સરકારી દવાખાનામાં લાવવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર ઈજાઓના કારણે મોત નીપજવા પામેલ હોવાનું ફરજ ઉપરના તબીબે જાહેર કરતા પરિવારજનોમાં રોકકળ મચી જવા પામી હતી. લાશને સુખસર સરકારી દવાખાનામાં પી.એમ બાદ લાશનો કબજો તેમના વાલીઓને સોંપી સુખસર પોલીસે આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**દાહોદ નગર પાલિકાની ત્રિમાસીક સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં ગત સામાન્ય સભામાં વધારાના ચાર ઠરાવો બાબતે બહુ ચર્ચાઓ થઈ હતી અને ત્યાર બાદ વિવિધ કામોને સર્વાનુમતે બહાલી આપી ઠરાવ કરી દેવામાં આવ્યો હતો. દાહોદ નગર પાલિકાના સભા ખંડમાં ત્રિમાસીક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.**

## કાલોલના વ્યાસડા ગામે રેતી વેઢા થી પ્રદુષણ થવા બાબતે અરજી કરતાં વ્યકિતને મારમારી જાતિઅપમાનિત કરતાં ફરિયાદ

કાલોલ,

કાલોલ તાલુકાના વ્યાસડા વણકર ફળીયા પાસે આરોપીએ પોતાની જમીન ભાડે આપેલ હોય અને તેમાં રેતીના વેઢો ચાલતો હોય જેને લઈ ફરિયાદના ઘરે અને ફળીયામાં પ્રદુષણ થતું હોય આ બાબતે સરકારી કચેરીમાં અરજી કરતાં આરોપી ઈસમોએ બાઈક પર આવી ફરિયાદીને મારમારી ઈજાઓ કરી તેમજ જાતિઅપમાનિત કરતાં આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના વ્યાસડા ગામે વણકર ફળીયા પાસે આરોપી સુજયેન્દ્રસિંહ મહિપતસિંહ પરમાર પોતાની જમીન ભાડે આપેલ હોય જેને લઈ હરેશભાઈ મીઠાભાઈ મકવાણાના ઘરમાં તેમજ ફળીયામાં ધુળનું પ્રદુષણ થતું હોય જેને લઈ સરકારી કચેરીમાં અરજી કરીને પ્રદુષણ દુર કરવા અરજ કરેલ હતી. જેને લઈ આરોપી સુજયેન્દ્રસિંહ પરમાર, સત્યજીતસિંહ પરમાર બાઈક ઉપર આવી હરેશ મકવાણાને હથિયાર વડે ઈજાઓ કરી તેમજ બીજા ઈસમે લાકડી વડે હુમલો કર્યો હતો અને જાતિઅપમાનિત કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ જીલ્લા TB વિભાગ અને NHM ના કર્મચારી પડતર પ્રશ્નોને માસ CL ઉપર જશે

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ટીબી વિભાગનાં અને NHM ના અન્ય તમામ કરારી કર્મીઓ શુક્રવાર (તા.૨૧.૧૦.૨૦૨૨)ના રોજ પોતાની પડતર માંગણીઓને લઈ એક દિવસની માસ સી.એલ. સહ શકિતપ્રદર્શન કરશે.

ગુજરાત RNTCP કરારબધ્ધ કર્મચારી સંઘ પ્રમુખના જણાવ્યા અનુસાર સમગ્ર ગુજરાતના TB વિભાગના કરારબદ્ધ કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓને લઈને તા.૧૬-૦૬-૨૦૨૨ થી તા.૧૧-૧૦-૨૦૨૨ સુધી કામગીરી સ્થગીત સહની હડતાલ પર હતા અને આખરે અધિક નિયામક સાથેની રૂબરૂ મુલાકાત સકારાત્મક સમજણ પૂર્વકની બેઠક બાદ જાહેર આરોગ્યને ધ્યાને લઈ હડતાલ પુર્ણ કરવામાં આવી હતી. પરંતુ ફરી એક વખત માત્ર કાગળ ફોર્વડીંગની નિતી અને અધિકારીઓની કૂટનીતી સહની કાર્યપ્રણાલીને લઈ છેતરાયા હોવાનો અહેસાસ થતા NHM હેઠળના માત્ર ટીબીનાં જ કરારી કર્મચારીઓ નહી પરંતુ સમગ્ર NHM હેઠળના કરારી કર્મીઓ સંગઠિત થઈ તા.૨૧.૧૦.૨૦૨૨ ને શુક્રવારના રોજ એક દિવસની માસ સીએલ પર જવાનો નિર્ણય કર્યો છે અને પડતર માંગોને લઈ નિર્ણય આવે કે ન આવે તમામની એક્તાના શકિત પ્રદર્શન નિર્ણય કર્યો છે. તેમજ માસ સીએલ દ્વારા સરકારને સંદેશ આપવામાં આવશે કે અણઘડ મનસ્વી અધિકારીઓથી શોષિત, પીડીત, વંચિત કર્મીઓ શું ગૌરવયાત્રાનું ગૌરવ છે. શું આમ, ટીબી મુક્ત ગુજરાત ભારત થશે !

## દે.બારીયા શિક્ષણાનું ભવ પ્રા.શાળાના શિક્ષક રોહિત પંડયા વય નિવૃત થતાં શાળા પરિવાર દ્વારા વય નિવૃત સન્માન સમારંભ


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયાની પી.ટી.સી. કોલેજ પાસે શિક્ષણાનું ભવ પ્રા.શાળાના શિક્ષક રોહિત પંડયા તા.૧૮/૧૦/૨૦૨૨ના રોજ નિવૃત્ત સન્માન સમારોહ દે.બારીયાના રાજવી કુટુંબના તુષારસિંહ બાબાના અધ્યક્ષ સ્થાને શિક્ષણનું ભવ પ્રા.શાળાના પટાંગણમાં ભવ્ય વય નિવૃત સન્માન સમારંભ રાખવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર આ સમારંભના અધ્યક્ષ તથા મંચમસ્તોનું અરવિંદભાઈએ શાબ્દીક સ્વાગત કરાયું હતું. ત્યારબાદ શાળાની બાળાઓ દ્વારા સ્વાગત ગીત ગાઈ તથા પુષ્પ ગુચ્છ મંચસ્તો આપીને સ્વાગત કરાયું. તમામ મહાનુંભાવોના પ્રવચનમાં રોહિત પંડયાનો કાર્યશૈલીના વખાણ કર્યા હતા. ત્યારબાદ તુષારબાબાના ઉદ્દબોધનમાં જણાવતા કહ્યું હતું. અમારા રાજવી પરિવારના પંડયા પરિવાર સાથે વ્યકિતગત સંબંધો છે. તાલુકા પ્રાથમિક અધિકારી ભરવાડે જણાવ્યું હતું. રોહિતભાઈનો સ્વભાવ હસમુખો અને બધામાં ભળી જાય છે. તેમ બુધાભાઈએ જણાવ્યું હતું. તેમને અડધી રાત્રે કોઈપણ કાર્ય સોંપો હોય તો તે પૂર્ણ કરી બતાવતા હતા. તેમની દિકરી ખ્યાતીબેનએ પંડયા પરિવાર વતી હાજર ગણનો આવકારીને આભાર વ્યકત કર્યો હતો. થેન્કયુ પ્પા કહી પોતાનું ટુંકુ પ્રવચનને વિરામ આપ્યો હતો.

આ કાર્યક્રમમાં ડા. ચાર્મીબેન સોની નગર પાલિકા પ્રમુખ, મહેશભાઈ બાલવાણી, મયુર પારેખ, તાલુકા શિક્ષણ અધિકારી ભરવાડ તથા તાલુકા પ્રા.પગાર કેન્દ્રના આચાર્યો તથા મુસાભાઈ પું. સરપંચ બુધાભાઈ, ઘટક સંઘના પ્રમુખ, શાળાના સ્ટાફ સાથે અરવિંદ પરમારના દ્વારા શાલ ઓઢાડી પ્રમાણપત્ર એનાયત કરાયો હતો અને જીલ્લાના અને સ્ટાફના તાલુકાના સરકારી પ્રોગ્રામમાં રોહિત પંડયાનો પહેલાની જેમ સાથ સહકાર મળતો રહે તેવી આશા વ્યકિત કરી હતી.

## ગોધરા સબજેલના વચગાળાના જામીન છુટેલ ફરાર આરોપીને પેરોલ સ્કવોડે ઝડપ્યો

ગોધરા,

પંચમહાલ પેરોલ ફર્લો સ્કવોડ પોલીસે ગોધરા સબજેલમાં વચગાળાની રજા પર ફરાર થયેલ મોસ્ટ વોન્ટેડ આરોપી ઈરફાન અબ્દુલ મજીદ પાડવા ઉર્ફે વેજલીયાને ઝડપી તેના ઘરેથી ઝડપી પાડયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પંચમહાલ પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા જિલ્લામાં નાસ્તા ફરતા વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે સૂચના આપવામાં આવી હતી. ત્યારે પંચમહાલ પેરોલ ફર્લો સ્કવોડ પોસઈ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારે બાતમી મળી હતી કે, ગોધરા સબજેલ માંથી વચગાળાની રજા ઉપરથી ફરાર આરોપી ઈરફાન અબ્દુલ મજીદ પાડવા ઉર્ફે વેજલીયો હાલ તેના ગોધરા શહેરના સાતપુલ વિસ્તારમાં આવેલ મુસ્લિમ સી સોસાયટીમાં આવેલ ઘરે હાજર છે. જેના આધારે પેરોલ ફર્લો સ્કવોડ પોલીસની ટીમ દ્વારા આરોપીને તેના ઘરે જઈને ઝડપી પાડવામાં આવ્યો હતો. અને તેને રજા ભોગવવા માટે ગોધરા સબજેલમાં મોકલવાની તજવીજ હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છેકે, આરોપી ઈરફાન અબ્દુલ મજીદ પાડવા ઉર્ફે વેજલીઓ દ્વારા ચોરીના ગુનામાં પકડવા ગયેલી પંચમહાલ SOG પોલીસ પર હુમલો કરવામાં આવ્યો હતો. જે અંગે હત્યાના પ્રયાસનો ગુનો ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે નોંધાયો હતો. જેની સજા ઈરફાન પાડવા ગોધરા સબજેલ ખાતે કાપી રહ્યો હતો. આમ, પેરોલ ફર્લો સ્કવોડ પોલીસ દ્વારા કુખ્યાત આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી છે.

## દે.બારીયા BJPના માજી બક્ષીપંચ પ્રમુખ કોંગ્રેસ માંથી પરત BJPમાં આવ્યા



દાહોદ,

દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દેવગઢ બારીયાના પ્રભારી અને માજી જિલ્લા ભાજપ બક્ષી પંચના પ્રમુખ જે દસ દિવસ અગાઉ કોંગ્રેસમાં જોડાયા હતા. તેમની પાછી ઘર વાપસી થઈ.

ધાનપુરના લવાર ગોપસિંહ એ આજે પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું કે, તેઓને ગત ૧૦મી ઓકટોબરના રોજ કોંગ્રેસના અગ્રણી નેતાઓ મને ગેર માર્ગે દોરી અને ભોળવીને અમદાવાદ રાજીવ ગાંધી ભવન લઈ જઈ અને કોંગ્રેસનો ખેસ પેરાવી કોંગ્રેસમાં સામેલ કરેલ હતો. પરંતુ છેલ્લા ૨૭ વર્ષથી હું ભાજપના કાર્યકર્તા તરીકે હતો,એટલે મને ત્યાં ગતો એજ દિવસે રાત્રે થયું કે હું ખોટી રીતે ભ્રમિત થઈ ગયો છું અને મને એહસાસ થયો કે મને મારી માતૃ પાર્ટીમાં પરત જવું જોઈએ. જેથી મે દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલિયર ના હસ્તે આજે દાહોદ કમલમ ખાતે ભાજપનો ખેસ ધારણ કરી મે મારા ઘરે વાપસી કરી છે. આ પ્રસંગે દાહોદ જિલ્લા ભાજપના મહામંત્રીઓ નરેન્દ્ર સોની અને સ્નેહલ ધારિયા ઉપસ્થિત રહ્યા હતા.અને તેમને પાર્ટીના કમે પરત જોતરાઈ જવા જણાવ્યું હતું.

## દાહોદ જીલ્લામાં બાઈક ચોરોનો તરખાટ દે.બારીયા ખાતેથી બાઈકની ચોરી

દાહોદ,

દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાક્ય સમયથી સક્રીય થયેલી બાઈક ચોર ટોળકીઓનો રંજાડ ચરમસીમાએ પહોચ્યો છે. અને બાઈક ચોર ટોળકીઓ બેખોફ બની બિન્દાસ્ત રીતે પોાતના કામે અંજામ આપી રહ્યા છે. તેવા સમયે દે.બારીયા પોલીસ સ્ટેશનની હદમાં બાઈક ચોરીના બનાવ બનેલા બે બનાવો દે.બારીયા પોલીસ દફતરે નોધાયાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર દે.બારીયા તાલુકાના બાઈક ચોરીના બનેલા બને બનાવો પૈકીનો એક બનાવ ડાંગરીયા ગામે તા. ૨૭.૯.૨૦૨૨ ના રોજ રાત્રીના સમયે બનવા પામ્યો હતો. જેમાં ડાંગરીયા ગામના ઘેડ ફળીયામાં રહેતા મુકેશભાઈ પર્વતભાઈ કોળીની તેમના ઘરના આંગણામાં સ્ટેરીંગ લોક મારી પાર્ક કરેલ રૂા. વીસ હજાર ની કિમતની જીજે. ૨૦. એએક્સ. ૫૬૦૭ નંબરની હીરો હોન્ડા કંપનીની પેશન પ્રો. મોટર સાયકલ બાઈક ચોર ચોરીને લઈ ગયો હતો.

## ફતેપુરાના પાટવેલ ગામે ચેક પોસ્ટ ઉપર બાઈક ઉપર લઈ જવાતો ૨૮ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

ફતેપુરા તાલુકાના પાટવેલ ગામે ચેકપોસ્ટ પર પોલીસની વોચ જોઈ એક ખેપીયો રૂા. ૨૮ ની કિમતના વિદેશી દારૂના જથ્થા સાથે મો.સાયકલ ફેકી નાસી જતાં ફતેપુરા પોલીસે રૂા. ત્રીસ હજારની મો.સાયકલ સાથે રૂા. ૫૮૫૬૦ નો મુદ્દામાલ કબ્જે લીધાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર ફતેપુરા પોલીસે ગતરાતના નવેક વાગ્યાના સુમારે પાટવેલ ચેકપોસ્ટ પર વોચમાં હતી. તે વેળાએ મો.સાયકલ પર દારૂની ખેપ મારવા નિકળેલ ખેપીયો નવા ગામનો દિલીપભાઈ કાંતીભાઈ પારગી પોલીસની વોચ જોઈ પકડાવાના ડરથી વિદેશી દારૂના જથ્થા સાથે મો.સાયકલ મુકી અંધારાનો લાભ લઈ નાસી ગયો હતો. પોલીસે દિલીપ પારગીની રૂા. ત્રીસ હજારની કિમતની જીજે. ૨૦.કે.૪૯૮ નંબરની મોસયાકલ પકડી તેની પર લાવેલ લગડામાં રૂા.૨૮૫૬૦ ની કુલ કિમતનાં અલગ અલગબ્રાન્ડનાં વિદેશી દારૂની પ્લાસ્ટીકની નાની મોટી બોટલ નં.૩૩૬ પકડી પાડી રૂા. ૩૦ હજારની મો.સાયકલ સાથે રૂા.૫૮૫૬૦ નો મુદ્દામાલ કબ્જે લઈ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ : કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે. ધાર્મિક યાત્રા પર જવા માટે અચાનક યોજના બનશે, જેનાથી મનને શાંતિ પણ મળશે.

વૃષભ : કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

મિથુન : ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો. લવ મેરેજમાં રસ ધરાવતા લોકો માટે સમય અનુકૂળ છે.

કર્ક : આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો. જો તમે નોકરી અને ધંધામાં કેટલાક સકારાત્મક પગલા ભરો છો તો પછીથી માત્ર લાભ થશે, પરંતુ કામમાં નવી તાજગી પણ આવશે.

સિંહ : ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો. અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યા : આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે. કાર્યક્ષેત્રમાં કાર્ય સમયે મન બીજે ક્યાંક ભટકવાનું શરૂ કરશે.

તુલા : આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે.

વૃશ્ચિક : આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

ધનુ : ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે.

મકર : આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે. કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો. ધંધા સંબંધિત તમામ વિવાદો આજે સરકારી અધિકારીની મદદથી ઉકેલી શકાય છે.

કુંભ : ગણેશજી કહે છે, દિવસભર વ્યસ્તતા રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો તે વધુ સારું રહેશે.

મીન : આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી. બપોરે કામના ધસારાને લીધે તમે શારીરિક નબળાઈ અનુભવી શકો છો, જેનાથી હાથ અને પગ પર અસર થઈ શકે છે.

આઝાદી નો અમૃત મહોત્સવ

सा विद्या या विमुक्तये
વિદ્યા મુક્તિ પ્રદાન કરે છે

सत्यमेव जयते
ગુજરાત સરકાર

# ગુજરાત જ્ઞાન ગુરુ
# મેગા ફિનાલે ક્વિઝ



G3Q
GUJARAT GYAN GURU QUIZ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
વડાપ્રધાન

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત

જાણશે ગુજરાત
જીતશે ગુજરાત

**શ્રી ધર્મેન્દ્ર પ્રધાન**
કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર

**શ્રી જીતુભાઈ વાઘાણી**
મંત્રી, ગુજરાત

**શ્રી પૂર્ણેશભાઈ મોદી**
મંત્રી, ગુજરાત

**શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા ( પંચાલ )**
રા. ક. મંત્રી, ગુજરાત

**ડૉ. કુબેરભાઈ ડીંડોર**
રા. ક. મંત્રી, ગુજરાત

**શ્રી કીર્તિસિંહ વાઘેલા**
રા. ક. મંત્રી, ગુજરાત

**શ્રી અરવિંદભાઈ રૈયાણી**
રા. ક. મંત્રી, ગુજરાત

**ઉપર્યુક્ત મહાનુભાવોની ગરિમામયી ઉપસ્થિતિમાં યોજાશે ભવ્ય સમારંભ**

## પ્રસ્તુત છે ગુજરાત જ્ઞાન ગુરુ મેગા ફિનાલે ક્વિઝ
## સવાલે સવાલે જીતનું જોશ

## મેગા ફિનાલે ક્વિઝ
**GSIRF 2022 ના પરિણામોની ઘોષણા**

રાજ્યમાં આયોજિત જ્ઞાનવર્ધક ગુજરાત જ્ઞાન ગુરુ G3Q ક્વિઝ તેના અંતિમ ચરણમાં પ્રવેશી રહી છે, જે ડબલ એન્જિન સરકારની ગૌરવયાત્રાનું પ્રતીક છે. આ એવી એક અનોખી સ્પર્ધા છે, જે રાજ્ય અને કેન્દ્ર સરકારના વિકાસની ગૌરવગાથા છે.

આ સ્પર્ધા જનજનના સામર્થ્યની યશગાથા પણ છે અને શિક્ષણ તરફ હરણફાળ છે. એટલું જ નહીં, ભારત દેશના ભવ્ય ભાવિ ભણી એક મહાકદમ સમાન છે.

G3Q ક્વિઝ યુવા જગત અને પ્રજાજનોના મનોબળમાં વૃદ્ધિ કરનારી તેમજ ઉત્સાહવર્ધક સિદ્ધ થઇ રહી છે. રાજ્યના ખૂણે ખૂણેથી તેને સાંપડ્યો છે પ્રચંડ પ્રતિસાદ. શાળા કક્ષાએ **41, 173** વિજેતાઓ, કોલેજ/ યુનિ. સ્તરે **34, 731** વિજેતાઓ અને પ્રજાજનોની શ્રેણીમાં **53, 419** જેટલા વિજેતાઓ કરોડોનાં ઇનામો જીતી ચૂક્યાં છે.

હવે સૌની આતુરતાનો અંત આવી રહ્યો છે. કરોડોના ઈનામો સાથે રજૂ થઇ રહી છે, **G3Q મેગા ફિનાલે ક્વિઝ.**

પ્રેરક, પ્રોત્સાહક અને જ્ઞાન વર્ધક, રજિસ્ટ્રેશનના
તમામ વિક્રમો તોડતી મેગા ફિનાલે ક્વિઝ

**શ્રી જીતુભાઈ વાઘાણી**
શિક્ષણ મંત્રી, ગુજરાત

આ મેગા ફિનાલે ક્વિઝમાં માણો
**વિદ્યા વિકાસ, વિશ્વાસની અવિરત ધારા સાથે**
**સૂરસમ્રાટ કૈલાસ ખેરની ભવ્ય સંગીત સરિતા**

તારીખ: ૨૧ ઓક્ટોબર, ૨૦૨૨ સમય: સાંજે ૫ વાગ્યાથી
સ્થળ: ટ્રાન્સસ્ટેડિયા, મણિનગર, અમદાવાદ, ગુજરાત

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર




## ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજી દ્વારા

# ગોધરા તાલુકામાં કરોડો રૂપિયાના વિકાસના કામોનું ઉદ્‌ઘાટન અને ખાતમુહૂર્ત

ગોધરા, ગોધરા તાલુકાના જીતપૂરા ગામે ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજી દ્વારા ખેડૂતોને પાનમ હાઈ લેવલ કેનાલ આધારિત તળાવ ભરવાની યોજના સહિત સ્થાનિક ગ્રામજનોની સુવિધા માટેના વિવિધ વિકાસ કામોનું ઉદ્ઘાટન અને ખાત મુહર્ત કરવામાં આવ્યું.

ધારાસભ્ય દ્વારા ગુજરાત સરકાર માં પાનમ હાઈલેવલ કેનાલ આધારિત પંચમહાલ જિલ્લા સહિત ગોધરા તાલુકાના તળાવ ભરવાની યોજના માટે રજૂઆત કરી મંજૂરી અપાવી હતી અને તેના ભાગરૂપે આજ રોજ પાનમ હાઈ લેવલ કેનાલ આધારિત આંબલી થી ખરસાલિયા તળાવને પાઈપલાઈન યોજનાનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું.

પાનમ હાઈલેવલ કેનાલ આધારિત ઉદ્વહન સિંચાઈ યોજનામાં પંચમહાલ અને મહીસાગર જીલ્લાના ૪૪ ગામના ૬૨ તળાવો ભરવાની સરકારની મહત્વકાક્ષી યોજનાના માનનીય મુખ્યમંત્રી દ્વારા ખાતમુર્હત કરવામાં આવ્યું હતું.





અંબાલી તળાવ થી ખરસાલીયા તળાવ અને ૮/આર કેનાલ આધારિત જુદી જુદી સાકળ પરથી પાઈપલાઈન દ્વારા ગ્રેવિટી મારફતે કુલ ૧૩ ગામના ૨૧ તળાવો ભરવાની યોજના છે. આ યોજના પાઈપલાઈનમાં દર ૫૦૦ મી. કુવાઓ બનાવી. આ વિસ્તારના અંદાજે ૨૫૦૦ હેક્ટર જમીનને સીધો સિંચાઈનો લાભ મળશે. આ યોજનાનો અંદાજીત ખર્ચ રૂ.૨૭.૨૫ કરોડ હતો.જેની સામે ઈજારદાર ૧૩.૩૦% નીચું ભરી રૂ.૨૩.૬૨ કરોડમાં કામગીરી સોપવામાં આવેલ હતી. જેમાં ૬૦૦ મી.મી.અને ૭૦૦ મી.મી. ડાયાના ડી.આઈ. પાઈપની કુલ લંબાઈ ૧૮૯૧૫.૦૦ મી. અને એચ.ડી.પી.ઈ. પાઈપની લંબાઈ ૧૦૮૫૩.૦૦ મી. છે જેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

આ વિસ્તારમાં સિંચાઈના પાણીની વ્યવસ્થા માટે આગેવાનોના પ્રયત્નોથી આ યોજના સરકાર દ્વારા કરવામાં આવેલ છે. તેમજ આ વિસ્તારના નદી નાળા ચેકડેમ વગેરેમાં પાણી ભરવાથી ભૂર્ગભજળ સ્તર પણ ઉચું આવશે. વધુમાં ચાલુ વર્ષે વરસાદના પાણીથી તળાવો ભરી વરસાદના પાણીનો સદઉપયોગ આ યોજના દ્વારા કરેલ છે. આ યોજના પૂર્ણ થયેથી પંચમહાલ જીલ્લાના ગોધરા અને કાલોલ તાલુકાના અંબાલી તળાવથી ૮ મૂળ અને ૩ વધારાના એમ કુલ ૧૧ તળાવોને તેમજ ૮/આર પ્રશાખામાથી કુલ ૧૩ તળાવો મળી આ પેકેજમાં કુલ ૨૪ તળાવો ભરી અંદાજીત ૨૫૦૦ હેકટરને સીધો લાભ થશે. અંબાલી, રણછોડપુરા, જિતપુરા, તોરણ ભલાનીયા અને ખરસલીયા ગામ તળાવ વિસ્તારના ખેડૂતોને સિંચાઈનો લાભ મળશે. એમ એલ એ જોગવાઈ હેઠળ સી.એમ.પટેલ હાઈસ્કૂલ જીતપુરાના નવીન ઓરડાઓ સહિત ધારાસભ્ય દ્વારા જીતપુરા ગામે રૂપિયા ૧૫ લાખના ખર્ચે મંજૂર થયેલ નવીન ગ્રામ પંચાયતના મકાનનું ખાતમુહૂર્ત તથા જિતપૂરા ગામે રૂપિયા ૫ લાખના ખર્ચે બનનાર છોટુભાઈ મંગળભાઈ પટેલ પ્રવેશદ્વારનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગોધરાના ચેરમેને રાજેન્દ્રસિંહ વી. ચૌહાણ, ગુજરાત પ્રદેશ કારોબારી સભ્ય ગોપાલભાઈ પટેલ, જિલ્લા પંચાયત દંડક અરવિંદસિહ બી. પરમાર, જિલ્લાના પંચાયતનાં સદસ્ય વિનોદભાઈ ભગોરા, ભારતીય કિસાન સંઘના પ્રમુખ ખુમાનસિહ ચૌહાણ, પંચમહાલ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ના ચેરમેને ચંદ્રસિંહ રાઉલજી સ્થાનિક ગામના તાલુકા સદસ્ય, સરપંચો, ગ્રામ પંચાયતના સદસ્યો, ગ્રામજનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## જીતપુરા ગામે SBI બેન્કના CSR વિભાગ દ્વારા બાળકો માટે સ્માર્ટરૂમ તથા કોમ્પ્યુટર લેબ બનાવવામાં આવી

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના જીતપુરા ગામે આજરોજ ભારતીય સ્ટેટ બેન્કના CSR વિભાગ દ્વારા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના ઉજવળ ભવિષ્ય માટે સ્માર્ટ ક્લાસ રૂમ તથા કોમ્પ્યુટર લેબની ભેટ આપવામાં આવી હતી. સાથે સાથે શૌચાલયનું પણ નવીન કરણ કરવામાં આવ્યું હતું. જેનું આજે સ્ટેટ બેંકના ડે. જનરલ મેનેજર બિંદુ જર્નાદનના હસ્તે રીબીન કાપી શાળાના બાળકો માટે અર્પણ કરવામાં આવ્યું હતું.




## કાલોલ તાલુકામાં વિવાદોમાં રહેતા તલાટી એસ.એસ.ઠાકોર વિરૂદ્ધ અગાઉ પણ શામળદેવી પંચાયતના ગ્રામજનો દ્વારા ખોવાયા હોવાના બેનરો લગાવ્યા હતા

- વિવાદોમાં રહેતા તલાટી પાસે ત્રણ સેજાની કામગીરી પંચાયત કચેરી ગયા વગર ચલાવે છે.
- કાલોલ તાલુકામાં વિવાદોમાં રહેતા તલાટી વિરૂદ્ધ કાર્યવાહી કરાશે કે TDO દ્વારા છાવરવામાં આવશે.

કાલોલ, કાલોલ તાલુકામાં વિવાદિત તલાટી કમ મંત્રી શામળદેવી ગ્રામ પંચાયતમાં ગેરહાજર રહેતા હોય છે. તેવા બેનરો લગાડવામાં આવ્યા હતા. તેમ છતાં તલાટી વિરૂદ્ધ કાલોલ ટી.ડી.ઓ. દ્વારા કાર્યવાહી ન કરતાં તલાટીને ઉપલી કચેરીના છુપા આર્શિવાદને લઈ દબંગ બનતા હોય તેમ લાગી રહ્યું છે.




કાલોલ તાલુકાની ગ્રામ પંચાયતોમાં ત્રણ જેટલા સેજા ઉપર ફરજ બજાવતા એસ.એસ.ઠાકોર પોતાની ફરજ ઉપર ગેરહાજર રહેવાનો કિસ્સો અગાઉ સતત તલાટી ગેરહાજર રહેતા ગ્રામજનોના પંચાયતમાં કામો અટવાતા હોય જેને લઈ ગ્રામજનો દ્વારા શામળદેવી ગ્રામ પંચાયતના તલાટી ખોવાયેલા છે. તેવા બેનરો લાગતાં વિવાદો ઉભા થયા હતા. તેમ છતાં સેજા ઉપર ગેરહાજર રહેતા તલાટી વિરૂદ્ધ તાલુકા વિકાસ અધિકારી દ્વારા તલાટી સામે કાર્યવાહી નહિ કરી તલાટી એસ.એસ.ઠાકોરને ચલાલી પંચાયતનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો. હાલ વિવાદોમાં રહેતા એસ.એસ.ઠાકોર પાસે ત્રણ ગ્રામ પંચાયત ચાર્જ કરાવેલ છે. ત્યારે તલાટી આમ, પણ બે સેજા શામળદેવી, મધવાસ, ચલાલી એમ ત્રણ સેજાની પંચાયતની કામગીરી કરતાં હોય પરંતુ આ તલાટી સેજાની પંચાયત કચેરીમાં હાજર રહેવાના સ્થાને કાલોલ તાલુકા પંચાયત કચેરીની સામે ખાનગી ઓફિસ ખોલીને ત્રણેય પંચાયત વિસ્તારના ગ્રામજનોને તલાટીની ખાનગી ઓફિસ ખાતે લાંબા થવું પડે છે. આંમ, અનેક વખત વિવાદોમાં રહેતા તલાટી એસ.એસ.ઠાકોર વિરૂદ્ધ અનેક ફરિયાદો ઉઠતી હોવા છતાં કાલોલ તાલુકા વિકાસ અધિકારી દ્વારા કાયવાહી કરવામાં આવશે કે માત્ર વિવાદને ઠારવા માટે ફોર્માલીટી કરવામાં આવશે તે જોવું રહ્યું.

## શ્રી શામળાજી હોમીઓપેથીક મેડિકલ કોલેજ, ગોધરાનો પાંચમો પદવીદાન સમારોહ યોજાયો




ગોધરા, ગોધરા શહેરની શ્રી શામળાજી આરોગ્ય સેવા ટ્રસ્ટ સંચાલિત શ્રી શામળાજી હોમીઓપેથીક મેડિકલ કોલેજનો પાંચમો પદવીદાન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પદવીદાન સમારોહ ગોધરા શહેરના ચંદન બાગ પાર્ટી પ્લોટ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં કોલેજના વાઈસ પ્રેસિડેન્ટ ડો. વિશાલ સોની, પી.ટી. મીરાણી આઈ હોસ્પિટલ, ગોધરાના સભ્ય પ્રકાશભાઈ દીક્ષિત, કોલેજના પ્રિન્સીપાલ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે ૮૫ જેટલા વિદ્યાર્થીઓએ મેડિકલનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. જેના ઉપલક્ષમાં વિદ્યાર્થીઓને મહાનુભાવો દ્વારા પદવી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે ૩૫૦ થી વધુ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે પદવી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને કોલેજ પરિવાર દ્વારા સફળતાના શિખરો સર કરો તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ ઉપરાંત વર્ષ ૧૯૯૩ થી સંસ્થા માંથી હજારો વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક અભ્યાસ પૂર્ણ કરી આજે દેશ વિદેશમાં સંસ્થાનું તેમજ પોતાનું નામ રોશન કરી રહ્યા છે. ત્યારે આવનાર વર્ષોમાં વધુ વિદ્યાર્થીઓ મેડિકલ ક્ષેત્રે સંસ્થા માંથી અભ્યાસ પૂર્ણ કરે તેવા પ્રયત્નો હાલ સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવ્યા છે.

## વડોદરાના ગોરવા પોલીસ મથક વિસ્તાર માંથી ચોરાયેલ બાઈક સાથે આરોપીને ગોધરા SOG પોલીસે ઝડપ્યો



ગોધરા, ગોધરા એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી કે, મેંદા પ્લોટમાં રહેતા ઈસમ પલ્સર બાઈક અને મોબાઈલ કયાંક થી છળકપટ થી મેળવીને વેચવા માટે ફરી રહ્યો છે. તેવી બાતમીના આધારે ચોકી નં.૨ પાસે વોચ ગોઠવીને ઈસમને ઝડપી પાડી તપાસ કરતાં વડોદરા ગોરવાના પોલીસ મથકે બાઈક ચોરીની ફરિયાદનો ગુનો ડીકેઈટ કર્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી કે, જાવેદ સુલેમાન સમોલ રહે. મેંદા પ્લોટ અબુ બકકર મસ્જીદ પલ્સર બાઈક નં.જીજે.૦૬.એએમ.૧૭૩૦ અને મોબાઈલ ફોન કયાંક થી છળકપટ થી મેળવેલ હોય અને વેચવા ફરી રહ્યો છે. તેવી બાતમીના આધારે ચોકી નં.૨ પાસેથી જાવેદ સુલેમાન સમોલને ઝડપી પાડી બાઈક અને મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન બાઈક ચોરીની ફરિયાદ વડોદરા ગોરવા પોલીસ મથકે નોંધાયેલ હોય તેવી બાઈક ચોરીના આરોપીને બાઈક સાથે ઝડપી પાડી વડોદરા ગોરવા પોલીસ મથકનો બાઈક ચોરીનો ગુનો એસ.ઓ.જી. પોલીસે ડીટેકટ કર્યો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.53